# ડેરીયા પાસે ટ્રક-કાર વચ્ચે અકસ્માત : બાળક સહીત ચારના મોત

ધનસુરા, તા. ૧૮

સાબરકાંઠાના અમદાવાદથી ધનસુરા સ્ટેટ હાઈવે પર રવિવારે સવારના અરસા દરમ્યાન એક ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બંને વાહનો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકો મોતને ભેટ્યા હતા તો ત્રણ લોકો ઘાયલ થતા સારવાર માટે ખસેડાયા હતા.

સાબરકાંઠાના તલોદથી ધનસુરા માર્ગ પરના ડેરિયા પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં એક બાળક સહીત ચારના ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. જ્યારે ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જે અંગે તલોદ પોલીસને જાણ થતા ઘટનાસ્થળે પહોચી કારમાંથી દબાયેલા મૃતદેહો બહાર કાઢ્યા હતા તો ઈજાગ્રસ્તોને ૧૦૮ ધ્વારા તલોદ સિવિલમાં ખસેડાયા હતા. આ





કચ્છી પરિવાર મૂળ ધનસુરાનો છે અને હાલ અમદાવાદ રહે છે જે આજે અમદાવાદથી કારમાં રાજસ્થાન જઈ રહ્યો હતો. દરમિયાન અકસ્માતનો બનાવ બન્યો હતો.

ઘટના સર્જીને ટ્રકનો ચાલક પણ ટ્રક છોડીને ફરાર થઈ ગયો હતો. અમદાવાદ સ્ટેટ હાઈવે પર બેફામ દોડતી ટ્રકોને લઈને સર્જાયેલા અકસ્માતને લઈને સ્થાનિકોમાં પણ રોષ ફેલાયો હતો. આ અંગે તલોદ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.જે. ચૌહાણે જણાવ્યું હતું કે આજે સવારના અરસા દરમ્યાન ડેરીયા પાસે એક ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર લોકોના મોત નિપજ્યા હતા, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા હતા ઘટનાને લઈને ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## હિંમતનગર તાલુકા પંચાયતના આંકડા અધિકારીની બદલી થઈ હોવા છતા ચાર્જ છોડતા નથી

### ઉપરી અધિકારીઓની રહેમ નજરથી આંકડા અધિકારી બે લગામ

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા આંકડા અધિકારીની એક વર્ષ અગાઉ અન્ય વિભાગમાં તંત્રએ બદલી કરી હોવા છતાં આ આંકડા અધિકારીએ હજુ સુધી ચાર્જ છોડ્યો નથી જેથી ઉપરી અધિકારીઓ તેમના પર મહેરબાન હોય તેવી છાપ ઉપસી રહી છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર તાલુકા પંચાયતમાં આંકડા અધિકારી તરીકે રમેશભાઈ પટેલ ફરજ બજાવે છે. જેથી એક વર્ષ અગાઉ તેમની બદલી અન્ય શાખામાં થઈ હતી પરંતુ અગમ્ય કારણોસર તેઓએ હજુ સુધી હોદ્દાનો ચાર્જ છોડ્યો નથી, તો બીજી તરફ તાલુકા પંચાયતના પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારી આ આંકડા શાસ્ત્રી પાસેથી કેમ હોદ્દાનો ચાર્જ અન્ય કર્મચારીને અપાવતા નથી તે સમજાતુ નથી. બીજી તરફ તાલુકા પંચાયતમાં નાગરિકો કોઈપણ કામ લઈને જાય તો તેમને આંટીઘૂંટીમાં નાખીને કામ પાર પાડવામાં આવતુ નથી.

લોકચર્ચા મુજબ તાલુકા પંચાયતના આ આંકડા અધિકારી કોઈને પણ ગાંઠતા નથી જેમાં તાલુકા વિકાસ અધિકારી પણ મૌન રહીને તેમનો પક્ષ ખેંચે છે. જેના કારણે આખરે તો તાલુકાની પ્રજાને અન્યાય સહન કરવો પડે છે. જેથી લોકોની માંગણી છે કે જરૂર પડે જિલ્લા વિકાસ અધિકારીએ દરમિયાનગીરી કરીને આ આંકડા અધિકારી પાસેથી ચાર્જ લઈ લેવો જોઈએ.

તો બીજી તરફ શુક્રવારે તા. ૧૬ માર્ચના રોજ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં બજેટ રજુ થનાર છે ત્યારે કેટલાક સદસ્યોએ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આંગણવાડીઓ માટે ફાળવવામાં આવેલ રૂ. ૫ હજાર આંગણવાડી કાર્યકરના બેંકના ખાતામાં થોડા સમય અગાઉ જમા કરાવાયા હતા. પરંતુ તાલુકા પંચાયતના અધિકારીઓ અને સત્તાધારીપક્ષના સદસ્યોની મિલીભગતને કારણે આ પાણીની ટાંકીઓ નાખવાનું કામ ખાનગી કોન્ટ્રાક્ટરને આપી દઈ કેટલાક અધિકારીઓએ આંગણવાડી કાર્યકરો પાસેથી રૂ. ૫ હજાર પરત લઈ લીધા છે જેથી શુક્રવારે મળનારી સામાન્ય સભામાં હોબાળો થવાની શક્યતા નકારી શકાતી નથી.

## બાયડ-દહેગામ રોડ પર દોડતા ડમ્પરો પર પોલીસની તવાઈ

બાયડ, તા. ૧૮

બાયડ દહેગામ રોડ પર બેફામ દોડતા ડમ્પરો પર ડીવાયએસપી અને બાયડ પોલીસ દ્વારા તા.૧૭-૩૨૦૧૮ ને શનિવારે સાંજના ૪ વાગ્યાના સુમારે ૧૫ કરતા વધુ ડમ્પરોને ડીટેન કરાયા હતા.

બાયડ તાલુકામાં કપચી ગ્રીટ સહીત કવોરીઓનો મોટો વ્યવસાય ધરાવતો તાલુકો છે ત્યારે બાયડથી અમદાવાદ તરફ દિવસના ૨૦૦ કરતા વધુ ટ્રકો અવરજવર કરે છે અને તાલુકામાં અકસ્માતોના બનાવોનું પ્રમાણ વધ્યું હોવાને કારણે અરવલ્લી જીલ્લા ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલ, બાયડ સી.પી.આઈ રાઉલ, પીએસઆઈ મહાવીરસિહ સોલંકી સહીત અન્ય પોલીસ સ્ટાફે બાયડ રેલ્વે ફાટક પાસે સાંજના આશરે ૪ વાગ્યાના સુમારે સમગ્ર સ્ટાફ ટ્રકોને પકડવા માટે નાકાબંધી કરી હતી. તે સમયે બાયડથી દહેગામ રોડ પર જેટલા પણ ડમ્પરો જતા હતા તેમના લાઈસન્સ, સહીત અનેક પુરાવા ચેક કરતા હતા પણ ૧૫ કરતા વધુ ડમ્પરોના ડ્રાઈવરો પાસે કોઈ પુરાવા ન હોવાને કારણે તમામ ડમ્પરોને ડીટેન કરવામાં આવી હતી અને તમામ ડમ્પરોના માલિકો પોતાના ટ્રકો છોડાવવા માટે દોડતા પોલીસ સ્ટેશને આવી ગયા હતા. પણ પોલીસે કોઈની ભલામણ ન ચલાવીને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.





## પ્રાંતિજમાં સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા પવિત્ર ચેટીચાંદ પર્વની ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વસવાટ કરતાં સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા પવિત્ર ચેટીચાંદ પર્વની શ્રધ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી.



પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા સિંધી સમાજનાં ભાઈ બહેનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ખાતે બેન્ડવાજા સાથે બગીમાં ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. એપ્રોચરોડ ઉપર આવેલ સ્વામીનગર સોસાયટીમાં રહેતા રાજુભાઈના ઘરેથી શોભાયાત્રા નિકળી ભાંખરીયા બસ સ્ટેન્ડથી ભગવાન ઝુલેલાલની પરબ અને ત્યાંથી બજારચોક, લાલદરવાજા, નગરપાલિકા, વેરાઈમાતા મંદિર થઈને માકડેશ્વર મહાદેવ ખાતે વરઘોડો પહોચ્યો હતો. જયારે વરઘોડામાં ભગવાન ઝુલેલાલ તથા રામલક્ષ્મણ તથા હનુમાનજી આબોહુ પ્રતિક જોવા મલ્યા હતા. સિંધી સમાજના ભાઈ બહેનો દ્વારા ગરબા પૂજા અને પ્રસાદનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ધરમદાસ ટેકવાણી, રતિલાલ ટેકવાણી, જગદીશભાઈ કિમતાણી, રાજેશભાઈ ટેકવાણી, મનુભાઈ રામચંદાણી, અમિતભાઈ, હરેશભાઈ વગેરે સમાજના આગેવાનો સહિત ભાઈબહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં અને માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે દિપક જોતનું દર વર્ષની જેમ વિસર્જન કર્યુ હતું.





### ઈડરમાં એકલિંગજીનો પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકા મથકે ઈડર તાલુકા ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા ભુદેવોના ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદા નો પાટોત્સવ રંગે ચંગે ઉજવાયો.સવારે ૮.૧૫ વાગે પ્રમુખ રજનીભાઈ જોશીના ઘરે થી શ્રી એકલિંગજી દાદા ના સ્વરૂપ ને લઈ રામજી મંદિર પહોંચ્યા હતા.જ્યાં લગુરુદ્ર દિવસ દરમ્યાન ચાલ્યો હતો.સમાજના વડીલ ઓચ્વલાલ વ્યાસ ના અધ્યક્ષ સ્થાને તેજસ્વી તારલાઓ નું સન્માન અને સમાજબંધુ ઓ સાથે મીટીંગ યોજાઈ હતી.આ તબક્કે પ્રમુખ એ સ્વાગત પ્રવચન કર્યું.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સમાજ ના મંત્રી રાજુભાઈ જોશી એ કર્યુ હતું.આ તબક્કે બહોળી સંખ્યામાં જ્ઞાતી બંધુ ઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પરિણીત મહિલાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી

## મહિલાના પતિને બિભત્સ ફોટા મોકલી હેરાન કરનાર યુવકને ઝડપી પાડતી સાબરકાંઠા એસઓજી

સાબરકાંઠા, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા વિસ્તારમાં રહેતા એક પરિણીત બહેનને ઈન્સ્ટાગ્રામ ઉપર છોકરીના નામના બનાવેલ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપરથી કોઈ અજ્ઞાત વ્યક્તિએ ફોલોવ કરી છોકરીના નામથી મેસેજ મોકલી મિત્રતા કેળવી તેઓની પાસે તેઓના ફોટા મંગાવી તે ફોટા મોર્ફીંગ કરી બિભત્સ બનાવી તથા અરજદારનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી અરજદારના ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપરથી તેઓના મોર્ફીંગ કરેલ ફોટા અરજદારના પતિના ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર મોકલી અરજદાર તથા તેઓના પતિના બિભત્સ ફોટા મોકલી આપવા વારંવાર મેસેજ મારફતે દબાણ કરી



હેરાન પરેશાન કરતો હોવાની રજુઆત પરિણીત મહિલાએ સાબરકાંઠા જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી કરતાં સદર બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ અધિક્ષક જી. સાબરકાંઠા સદર કંટ્રોલરૂમ તરફથી મળેલ વર્ધીની તપાસ એસઓજી હિંમતનગરને સોંપતા પોલીસ અધિકક્ષક સૌરભ સિંઘની સુચના અને માર્ગદર્શન મુજબ એસઓજીના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એસ.એન. પરમાર તથા પો.સ.ઈ. એચ.એમ. કાપડીયા તથા એ.એસ.આઈ. નવીનભાઈ તથા અ.હે.કો. જીતેન્દ્રસિંહ તથા પો.કો. રમણભાઈ તથા પો.કો. ધર્મેન્દ્રસિંહે ઉપરોક્ત છોકરીના નામના બનાવેલ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરતાં આ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવનાર વ્યક્તિ ઈમરાન યુસુફભાઈ સુથાર રહે. રોયલ પાર્ક, સુખબાગ રોડ, પાલનપુરનાનો હોવાનું જણાઈ આવતા તેની હિંમતનગર એસ.ઓ.જી. દ્વારા પાલનપુર ખાતે તપાસ કરતા તે મળી આવતા તેની પુછપરછ તપાસ દરમ્યાન તેણે ઉપરોક્ત ગુનો કરેલાની કબુલાત કરતાં તેના વિરૂદ્ધમાં હિંમતનગર ગ્રામ્ય પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૪/૧૮ ઈપીકો કલમ ૩૫૪-ડી(૧)ની ૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૮ ૬૬(સી), ૬૭ની કલમ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય જેને હિંમતનગર ગ્રામ્ય પો.સ્ટે. ખાતે સોંપી તેના વિરૂદ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. અને આ બાબતે આગળની વધુ તપાસ સીપીઆઈ કે.એસ. બ્રહ્મભટ્ટ હિંમતનગર સર્કલ, સાબરકાંઠાનાઓ કરી રહેલ છે.

## ધનસુરા તાલુકાના નવલપુર પ્રાથમિક શાળાના શિક્ષકને ઈનોવેટીવ વર્ક બદલ રાજ્યકક્ષાનો એવોર્ડ

ધનસુરા, તા. ૧૮

સરકારી પ્રાથમિક શાળાઓમાં સંશોધાનાત્મક કાર્ય કરનાર શિક્ષકોના જિલ્લાકક્ષાના ઉત્કૃષ્ટ ઈનોવેટર તરીકે પસંદ થયેલા શિક્ષકોનો રાજ્યકક્ષાનો ઈનોવેશન ફેર-૨૦૧૮ પોરબંદર ખાતે યોજાયો હતો. જી.સી.ઈ.આર.ટી.અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા પોરબંદર દ્વારા આ કાર્યક્રમ સાંદીપનિ આશ્રમ પોરબંદર ખાતે યોજાયો હતો. જેમાં અરવલ્લી જીલ્લાની ધનસુરા તાલુકાની નવલપુર પ્રાથમિક શાળાના ઉ.શી શ્રી કૌશલ હેમંતકુમાર વ્યાસ દ્વારા 'DIGITAL EDUCATION THROUGH QR CODE' વિષય પર નવતર પ્રયોગ રજુ કરાયો હતો. તે બદલ તેમને રાજ્યકક્ષાનો એવોર્ડ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, પૂજ્ય રમેશભાઈ ઓઝા, જી.સી.ઈ.આર.ટી ગાંધીનગરના નિયામક ડૉ. ટી.એસ. જોશી સાહેબ, નિવૃત નિયામક ડૉ. નલીન પંડિત સાહેબની ઉપસ્થિતિમાં એવોર્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. તેમણે આ નવતર પ્રયોગ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડરના પ્રાચાર્ય કે.ટી. પોરાણીયા અને સી.ની. લેકચરર અને ડી.આઈ.સી.કો. ડૉ. નિષાદ ઓઝાના માર્ગદર્શન હેઠળ રજુ કર્યો હતો. તેમની આ સિદ્ધી બદલ શિક્ષણ જગતમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી અને તેમને ડી.પી.ઈ.ઓ એ.કે. પટેલ સાહેબ, નાયબ ડી.પી.ઈ.ઓ સમીરભાઈ પટેલ તથા શાળાના આચાર્ય અને શાળાના શિક્ષકો સહીત સહુ શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## સાબરડેરી પાસેના ગોડાઉનમાંથી પૂંઠા ભરેલુ વાહન ચોરાયુ

હિંમતનગર, તા. ૧૭

સાબરડેરી-તલોદ રોડ પર આવેલ એક ગોડાઉનમાં ચાર દિવસ અગાઉ કાગળના પૂંઠા ભરીને મુકેલા વાહનની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ જતા તે અંગે વાહન માલિકે શુક્રવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં અંદાજે રૂ. ૧.૫૨ લાખની મત્તા ચોરાઈ હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે નટવરસિંહ અમરસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ ટ્રાન્સપોટરનો વ્યવસાય કરતા હોવાને કારણે ગત તા. ૧૪ માર્ચના રોજ તેમણે પોતાનું વાહન ટાટા ૪૦૭, નં. જીજે.૦૯.ટી.૭૮૬૩માં અંદાજે રૂ. ૨૫૦૦ની કિંમતના કાગળના પૂંઠા ભરી તેમનું વાહન સાબરડેરી-તલોદ રોડ પર રામાણી સો મીલની બાજુમાં આવેલ બંસીલાલ શંકરજી ખટીકના ગોડાઉનમાં લોક કરીને મુક્યુ હતુ. જ્યાથી અજાણ્યો શખ્સ આ વાહન અને તેમાં ભરેલ કાગળના પૂંઠા મળી અંદાજે રૂ. ૧.૫૨ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયો હતો જે અંગે તપાસ કરવા છતા કોઈ સગડ ન મળતા આખરે નટવરસિંહ રાઠોડે શુક્રવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ઊંઝાના ભાંખર ગામે ૨ ઉમીએ આગિયાવીર વૈતાલનો લોકમેળો

ઊંઝા, તા. ૧૮

ઊંઝા તાલુકાના ભાંખર ગામે આવેલ ઐતિહાસિક શ્રી આગિયાવીર વૈતાલ અને શ્રી હરસિદ્ધ માતાજીના મંદિરે પરંપરાગત રીતે ચૈત્ર સુદ-૭ને શુક્રવાર, તા. ૨૩-૩-૨૦૧૮ના રોજ ભવ્ય લોકમેળો યોજાશે. આ દિવસે સાંજે ૬.૩૦ કલાકે રથ નીકળશે અને રાત્રે ૧૦.૩૦ કલાકે માંડવી કાઢવામાં આવશે.

ભાંખરમાં સુપ્રસિદ્ધ શ્રી આગિયાવીર વૈતાલને શ્રી હરસિદ્ધ માતાજીના ધાર્મિક સ્થાનકો સદીઓ પુરાણા ગણાય છે. લોકવાયકા મુજબ લાખા વણજારાને બાળકના રૂપમાં શ્રી આગિયાવીર વૈતાલે પરચો આપ્યો હતો. જેની યાદમાં લાખા વણજારાએ મંદિર બંધાવ્યું હતું. આ મંદિરનો પુનરોદ્ધાર પાટણના સોલંકીએ કર્યો હતો. લોકમાતા પુષ્પાવતીની કૂખમાં વસેલા આ સ્થાનકે દર વર્ષે ચૈત્ર સુદ સાતમના દિવસે લોકમેળો ભરાય છે.

મેળામાં દૂર દૂરથી ઘણી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. અને બાધા માનતા કરે છે. આમાં તલનું તેલ જ ચઢાવવામાં આવે છે. તેની સાથે ગોળ, સાકર તથા શ્રીફળ પણ ચઢાવાય છે. રથ



ચારે દિશામાં ફરે છે. રાત્રે ૧૦.૩૦ કલાકે બત્રીસ મસાલોથી ઝળહળતી માંડવી કાઢવામાં આવે છે. રાત્રે મેળામાં ઢોલના અવાજ તથા માનવ મહેરામણની કિકિયારીઓના અવાજથી એક અનોખું વાતાવરણ સર્જાય છે.

લોકવાયકા પ્રમાણે કોઈ આસુરી શક્તિ ગામમાં ઉપદ્રવ કરતી હતી જેને આગીયાવીર વૈતાલે હણી હતી. તેનું કપાયેલું મસ્તક ઉછળતું હતું. જેથી તેને શાંત કરવા માટે લોકોએ લાકડીઓ વડે પ્રહારો કર્યા હતા. આ કરવઠા મુજબ મેળામાં લોકો મંદિરના ચોકમાં લાકડીઓના પ્રહારો કરી પ્રસંગને પુનઃ જીવિત કરે છે. મંદિરમાં આગિયાવીર વૈતાલની પ્રતિમા વિલક્ષણ છે. અગ્નિની જ્વાળાઓ વચ્ચે આરૂઢ થયેલા છે. હાથમાં દંડ ગ્રહો છે. બાજુમાં આદ્યશક્તિ હરસિદ્ધ માતાજીની પ્રતિમા ખૂબ દર્શનીય અને મનોહર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના ટ્રસ્ટીઓ તથા ગ્રામજનોએ મેળાનું સુંદર આયોજન કરેલ છે.





### પ્રાંતિજ ખાતે એકલિગજી દાદાનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ બજારચોક ગુર્જર ની પોળ ના નાકા ખાતે આવેલ શ્રી જબરેશ્વર મહાદેવ મંદિર ખાતે મંદિર ના ચોકમાં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ રાજસ્થાન ખાતે આવેલ શ્રી એકલિગજી દાદાનો પાટોત્સવ યોજાયો તો પ્રાંતિજ ખાતે વર્ષો પહેલા રાજસ્થાન થી મેવાડા ત્રિવેદી સમાજ જોષી સમાજ ના બ્રાહ્મણો રાજસ્થાન છોડીને સાબરકાંઠા ના પ્રાંતિજ માં વસવાટ કર્યો હતો અને ત્યારથી જ અહીં છેલ્લાં કેટલાય વર્ષોથી શ્રી એકલિગજી દાદા નો પાટોત્સવ અહીં આવેલ શ્રી જબરેશ્વર મહાદેવ મંદિર ખાતે પોતાનાં ઈષ્ટ દેવ નો પાટોત્સવ ત્રિવેદી મેવાડા કે જોષી સમાજ ના લોકો દ્વારા અહીં ઉજવવામા આવે છે તો આ વખતે પ્રકાશભાઈ જેઠાલાલ જોષી ના મુખ્ય યજમાન પદે શ્રી એકલિગજી દાદા નો પાટોત્સવ યોજાયો હતો જેમાં પૂંજા, હવન, આરતી સહિત દિવસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં તો શાસ્ત્રી પ્રશાંત ભાઈ ત્રિવેદી દ્વારા મંત્રોચ્ચાર દ્વારા આખુંય વાતાવરણ ભકિત મય બન્યું હતુ તો મેવાડા ત્રિવેદી- જોષી સમાજના ભાઈ- બહેનો તથા ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતાં અને યજ્ઞ સહિત આરતી માં ઉપસ્થિત રહી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.